# Senior Officials' India-France-Australia Trilateral Dialogue

February 24, 2021

# સીનિયર અધિકારીઓનો ભારત-ફ્રાન્સ-ઓસ્ટ્રેલિયા ત્રિપક્ષીય સંવાદ

ફેબ્રુઆરી 24, 2021

ભારત-ફ્રાન્સ-ઓસ્ટ્રેલિયા ત્રિપક્ષીય સીનિયર અધિકારીઓની બેઠક આજે યોજવામાં આવી હતી. ભારતીય પક્ષની આગેવાની સંયુક્ત સચિવ (યુરોપ પશ્ચિમ) શ્રી સંદીપ ચક્રવર્તી દ્વારા કરવામાં આવી હતી, જ્યારે ફ્રેન્ચ પક્ષની આગેવાની નિર્દેશક (એશિયા અને ઓશનિયા) શ્રી બર્ટરાન્ડ લોર્થોલારી દ્વારા કરવામાં આવી હતી અને ઓસ્ટ્રેલિયન પક્ષની આગેવાની સહાયક સચિવ (ઉત્તર અને દક્ષિણ એશિયા વિભાગ) શ્રી ગેરી કોવાન અને પ્રથમ સહાયક સચિવ (યુરોપ અને લેટિન અમેરિકા વિભાગ) શ્રી જ્હોન ગીયરિંગ દ્વારા કરવામાં આવી હતી.

આ ત્રણેય પક્ષોએ મેરિટાઇમ સુરક્ષા, માનવતાવાદી સહાયતા અને આપત્તિ રાહત (HADR), બ્લૂ ઇકોનોમી પ્રોટેક્શન ઑફ મરિન ગ્લોબલ કોમન્સ, ગેરકાનૂની અને રીપોર્ટ કરવામાં ન આવતી (IUU) માછીમારોનો સામનો કરવાની બાબત અને બહુપક્ષીય મંચો પર સહકાર સહિત સપ્ટેમ્બર 2020 માં યોજાયેલ વિદેશ સચિવ સ્તરનાં ત્રિપક્ષીય સંવાદનાં પરિણામો પર થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. તેઓએ ઇન્ડો-પેસિફિક પ્રાંતમાં ત્રિપક્ષીય સહકાર વધારવા માટેનાં આગામી પગલાઓ પર પણ ચર્ચા કરી હતી.

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 24, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.